# આવતીકાલે જીએસટી બિલ પસાર થવાની શક્યતા

**ભાજપના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા સૂચના : જીએસટીને લઈને આશા ઉજળી બની : મોનસૂન સત્રમાં જ બિલને પસાર કરવા માટેનો તખ્તો સંપૂર્ણપણે ગોઠવાયો**

નવી દિલ્હી, તા.૧

કારોબારીઓ અને ઉદ્યોગ જગત દ્વારા જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ બિલ આજે વિચારણા માટે રાજ્યસભામાં લીસ્ટેડ થયું હતું અને હવે બુધવારના દિવસે તેને પસાર કરવામાં આવે તેવી શક્યતા છે. સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમારે માહિતી આપતા કહ્યું હતું કે વિચારણા માટે ઉપલા ગૃહમાં આ બિલ લીસ્ટેડ થયું છે. અગાઉ ભાજપે આજે રાજ્યસભાના સભ્યોને આગામી ત્રણ દિવસ સુધી ગૃહમાં ઉપસ્થિત રહેવા માટે સ્પષ્ટ સૂચના આપી દીધી છે. આનો મતલબ એ થયો કે જીએસટી બિલને રજુ કરવા માટે સરકાર આશાવાદી દેખાઈ રહી છે. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ બિલને લઈને કેન્દ્ર સરકાર ખૂબ જ સાવધાનીપૂર્વકનું વલણ અપનાવી રહી છે. કોંગ્રેસ પાર્ટીએ આક્ષેપ કરતા કહ્યું છે કે ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકાર વિરોધ પક્ષને વિભાજીત કરવાના પ્રયાસ કરી રહી છે. તેમના ઉપર અભિપ્રાય લાગુ કરવાના પ્રયાસ પણ વિપક્ષ દ્વારા કરાઈ રહ્યા છે. લોકસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુ ખરગેએ સરકારની કોર્ટમાં બોલ ફેંકીને કહ્યું છે કે કોંગ્રેસ જીએસટી બિલના પસારની ખાતરી કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે તેઓ ચર્ચા વિચારણા કરી ચુક્યા છે. કોંગ્રેસના નેતાઓનું એવું પણ કહેવું છે કે સરકાર દ્વારા કેટલાક મુદ્દાઓ બળજબરીપૂર્વક લાગુ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.

૨૭મી જુલાઈના દિવસે કેબિનેટે કાયદામાં ફેરફારને લીલીઝંડી આપી હતી. સાથે સાથે ૧ ટકાના મેન્યુફેકચરીંગ ટેક્સને પડતો મુકવાનો નિર્ણય કર્યો હતો. કોઈપણ રેવન્યુ નુકસાન બદલ રાજ્યોને વળતર આપવાની ખાતરી પણ આપવામાં આવી હતી.

મહત્વકાંક્ષી પરોક્ષ કરવેરા વ્યવસ્થાને અમલી કરવામાં આવ્યા બાદ પાંચ વર્ષ સુધી કોઈ નુકસાનની સ્થિતિમાં રાજ્યોને વળતર ચુકવવામાં આવશે. સરકાર મોનસૂન સત્રમાં જીએસટી બિલ પસાર કરવા માટે આશાવાદી છે.

જીએસટી બિલ ૧૨મી ઓગસ્ટના દિવસે પુરા થઈ રહેલા સંસદના મોનસૂન સત્ર પહેલા પસાર કરવા માટે સરકાર સંપૂર્ણ પણે તૈયાર છે. આ બિલ મે ૨૦૧૫માં લોકસભામાં પસાર કરવામાં આવ્યું હતું પરંતુ રાજ્યસભામાં અટવાયેલું છે. સરકાર દ્વારા પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ રાજ્યસભામાં બહુમતી નહીં હોવાના કારણે અડચણો આવી રહી છે. મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા ચોક્કસ ફેરફારની તરફેણ કરાઈ છે. જીએસટીનો મુખ્ય હેતુ નવા પરોક્ષ કરવેરા વ્યવસ્થા મારફતે સિંગલ માર્કેટમાં ૨૯ રાજ્યોને ફેરવી નાખવાનો છે. પહેલી એપ્રિલથી તેને લાગુ કરવાની યોજના હતી પરંતુ આ સમય મર્યાદા સુધી તેને અમલી કરવામાં સફળતા મળી નથી.

# ૭ પૂર્વ મુખ્યપ્રધાનને આવાસ ખાલી કરવા સુપ્રિમનો હુકમ

**સુપ્રિમના આદેશથી તમામને મોટો ફટકો પડ્યો : મુલાયમ, માયાવતી, કલ્યાણસિંહ સહિતના પૂર્વ મુખ્યમંત્રીઓને મકાન ખાલી કરવા પડશે : આજીવન રહેવાનો અધિકાર નથીજ**





નવી દિલ્હી, તા.૧

ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓને મોટો ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં સુપ્રિમ કોર્ટે આજે મુલાયમસિંહ યાદવ, માયાવતી સહિત ૭ પૂર્વ મુખ્યમંત્રીઓને સરકારી આવાસ ખાલી કરી દેવા માટે સ્પષ્ટ આદેશ કર્યો હતો. જસ્ટીસ અનિલ આર. દવેના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે આવી કોઈ પણ સરકારી આવાસની સુવિધા બે અથવા ત્રણ મહિનામાં ખાલી થઈ જવી જોઈએ. બેંચે એમ પણ કહ્યું હતું કે આજીવન સરકારી આવાસ જાળવી રાખવાનો તેમની પાસે કોઈ અધિકાર નથી. જસ્ટીસ યુ.વી. લલિત અને એન.નાગેશ્વરરાવની બનેલી બેંચે આ ચુકાદો આપ્યો હતો. ઉત્તરપ્રદેશ સ્થિત એનજીઓ લોકપ્રહરી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર ઉપર સુપ્રિમ કોર્ટ તરફથી આ ચુકાદો અપાયો હતો. આ અરજીમાં પૂર્વ મુખ્યમંત્રીઓ અને અન્ય બિલલાયક સંસ્થાઓને ફાળવવામાં આવેલા સરકારી બંગલાઓની ફાળવણી સામે આદેશ જારી કરવાની માંગ કરવામાં આવી હતી. અરજીમાં આક્ષેપ કરાયો હતો કે અલ્હાબાદ હાઈકોર્ટના આદેશ છતાં ઉત્તરપ્રદેશ સરકારે પૂર્વ મુખ્યમંત્રીના નિવાસ ફાળવણી નિયમ સાથે સંબંધિત મામલાઓમાં ફેરફાર કર્યા છે. સુપ્રિમ કોર્ટે ઉત્તરપ્રદેશ સરકારના એવા નિર્ણયને પણ રદ કરી દીધો હતો જે હેઠળ તમામ પૂર્વ મુખ્યમંત્રીઓને સરકારી આવાસની ફાળવણી કરવામાં આવી હતી. સરકારના આ નિયમને સુપ્રિમ કોર્ટમાં પડકાર ફેંકવામાં આવ્યો હતો. સુપ્રિમ કોર્ટમાં આ મામલામાં ૧૨ વર્ષ પહેલા ૨૦૦૪માં લોકપ્રહરી દ્વારા દાખલ કરાયેલી અરજીના સંદર્ભમાં સુનાવણી હાથ ધરાઈ હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સરકાર આના માટે કરોડોના આવાસની ફાળવણી કરી રહી છે. જેને રદ કરવાની જરૂર છે. આ મામલામાં સુનાવણી બાદ સુપ્રિમ કોર્ટે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. અરજી કરનારે કહ્યું હતું કે ઉત્તરપ્રદેશના અનેક પૂર્વ મુખ્યમંત્રીઓને સરકારી આવાસ મળેલા છે અને તેમાં તેમના પરિવારના સભ્યો રહે છે. ઉત્તરપ્રદેશના ૭ પૂર્વ મુખ્યમંત્રી એવા છે જે હજુપણ ઉત્તરપ્રદેશ સ્થિત સરકારી આવાસમાં રહે છે. જેમાં મુલાયમસિંહ યાદવ, માયાવતી, કલ્યાણસિંહ, એન.ડી. તિવારી, રાજનાથસિંહ અને રામનરેશ યાદવનો સમાવેશ થાય છે. લખનૌના ખુબજ વ્યસ્ત અને કિંમતી એવા મોલ રોડ અને વિક્રમાદિત્ય માર્ગ પર સ્થિત આવાસમાં પૂર્વ મુખ્યમંત્રીઓ રહે છે.

# મધ્ય-પૂર્વ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ

## ૨૪ કલાકમાં સારો વરસાદ થયો : ભારે વરસાદની ચેતવણી જાહેર કરાઈ : અણધારી પરિસ્થિતિને પહોંચી વળવા તંત્રને સાબદું કરાયું

અમદાવાદ, તા.૧

ગુજરાતના જુદા જુદા ભાગોમાં હજુ પણ મોનસૂન સક્રિય થયેલું છે. સૌરાષ્ટ્ર-કચ્છ ઉપર વધારે વરસાદ થવાની શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ અમદાવાદમાં પણ ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. પૂર્વ-મધ્ય સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સારો વરસાદ થયો છે. ભારે વરસાદની ચેતવણી પણ જારી કરવામાં આવેલી છે તેથી તંત્ર પણ સાબદુ થયેલું છે.

આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૨.૯ અને લઘુત્તમ તાપમાન ૨૬.૧ ડિગ્રી નોંધાયું હતું. દરમિયાન, રાજ્યમાં ધીમીધારે વરસી રહેલા વરસાદે રાજ્યના પૂર્વ-મધ્ય, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ વરસાવ્યો છે. રાજ્યના ૧૧૧ તાલુકાઓમાં નોંધનીય વરસાદ થયો છે જેમાં સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં ૧૬૫ મીમી એટલે કે ૭ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે સાત કલાકે પુરા થતા ૨૪ કલાક દરમિયાન રાજ્યના જુનાગઢ તાલુકામાં ૧૧૦ મીમી, જુનાગઢ શહેમાં ૧૧૦ મીમી, માળીયામાં ૧૦૦ મીમી, ઉનામાં ૧૦૭ મીમી, ડોલવણમાં ૧૦૭ મીમી, ઉમરપાડામાં ૧૦૧ મીમી, ધરમપુરમાં ૧૧૨ મીમી, કપરાડામાં ૧૧૪ મીમી, વાપીમાં ૧૦૦ મીમી અને પારડીમાં ૯૮ મીમી મળી કુલ ૧૦ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે જ્યારે જામકંડોરણામાં ૭૮ મીમી, ધોરાજીમાં ૭૩ મીમી, જલાલપોરમાં ૭૨ મીમી, ખેરગામમાં ૭૨ મીમી અને વલસાડમાં ૮૩ મીમી મળી કુલ પાંચ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. જ્યારે રાજ્યના માતર તાલુકામાં ૬૪ મીમી, બોડેલીમાં ૫૫ મીમી, લીમખેડામાં ૬૧ મીમી, કોટડાસાંઘાણીમાં ૫૨ મીમી, લોધીકામાં ૫૬ મીમી, રાજકોટમાં ૫૮ મીમી, વંથલીમાં ૫૩ મીમી, વીસાવદરમાં ૭૧ મીમી, ગીરગઢડામાં ૬૦ મીમી, તલાલામાં ૫૨ મીમી, ઉનામાં ૫૮ મીમી, ગઢડામાં ૫૭ મીમી, વાલોડમાં ૪૯ મીમી, વ્યારામાં ૫૭ મીમી, નવસારીમાં ૬૯ મીમી, વાસંદામાં ૪૯ મીમી અને વઘઈમાં ૫૨ મીમી મળી કુલ ૧૭ તાલુકાઓમાં બે ઈંચથી વધારે વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજ્યના વીજયનગર, બાવળા, ધોલેરા, મહેમદાવાદ, આણંદ, આંકલાવ, ખંભાત, સોજીત્રા, ડભોઈ, પાદરા, જેતપુરપાવી, સંખેડા, ગરબાડા, ગોંડલ, ઉપલેટા, વાંકાનેર, ધ્રોલ, જામજોધપુર, કાલાવાડ, માંગરોળ, મેંદરડા, કોડીનાર, સુત્રાપાડા, જાફરાબાદ, ભાવનગર, ઘોઘા, ઉમરાળા, વાલીયા, નાંદોદ, સાગબારા, સોનગઢ, બારડોલી, ચોર્યાસી, મહુવા, ગણદેવી, સુબીર મળી કુલ ૨૬ તાલુકાઓમાં એક ઈંચ કરતા વધુ વરસાદ અને રાજ્યના અન્ય ૪૨ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ સાથે મોસમનો કુલ સરેરાશ વરસાદ ૩૭.૬૦ ટકા જેટલો નોંધાયો છે.

# તલોદ સ્ટેશન પ્રાથમિક શાળામાં અનોખો વિદાય સમારંભ યોજાયો



તલોદ, તા. ૧

તલોદ સ્ટેશન પ્રાથમિક શાળા નં. ૨ માં તા. ૩૦-૭-૧૬ના રોજ અનોખો વિદાય સમારંભ યોજાયો હતો. સામાન્ય રીતે વિદાય સમારંભ એટલે શાળાના કોઈ શિક્ષકની વિદાય અથવા આગળ અભ્યાસ અર્થે જતા એક જ ધોરણના વિદ્યાર્થીઓનો સમુહમાં વિદાય. પરંતુ તલોદ સ્ટેશન પ્રાથમિક શાળા નં. ૨માં ધો. ૭ના અભ્યાસ કરતા એક વિદ્યાર્થી અરવિંદ પ્રેમશંકર યાદવ કે જે પોતાના વતનમાં રહેવા જતો હોવાથી તેનો વિદાય સમારંભનું અનોખુ આયોજન શાળાના પટાંગણમાં કરવામાં આવ્યું હતું. અરવિંદ શાળાના સૌ શિક્ષક મિત્રોના પ્રિય વિદ્યાર્થી હતો. અરવિંદની વિદાય વખતે શાળાના તમામ શિક્ષક મિત્રોની આંખો ભીની થઈ ગઈ હતી. શાળાના દરેક વિદ્યાર્થીની આંખમાં અરવિંદની વિદાયને લઈને આંખોમાં આંસુ જોવા મળ્યા હતા. એક સમય માટે શાળાનું સમગ્ર વાતાવરણ ખુબજ ગંભીર બની ગયું હતું. અરવિંદ ઓછા બોલો, ગંભીર, હોંશિયાર, દરેક શિક્ષકનો માનીતો વિદ્યાર્થી હતો. વિદાય વખતે શાળાના શિક્ષક મિત્રોએ અરવિંદને સુંદર શર્ટ ભેટ અને યાદ સ્વરૂપે આપ્યો હતો. જ્યારે શાળાના અન્ય વિદ્યાર્થી મિત્રોએ અરવિંદને સુંદર પેન્ટ તથા અન્ય ભેટો આપી હતી. શાળાના તમામ શિક્ષક મિત્રો તથા વિદ્યાર્થીઓને અરવિંદની ખોટ વર્તાશે.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન

# સ્વામિનારાયણ મંદિર શિકાગોનો ૧૫મો પાટોત્સવ ભારે દબદભાપૂર્વક યોજાયો



ગાંધીનગર, તા. ૧

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર-વિશ્વશાંતિ કેન્દ્ર રજત મહોત્સવ અંતર્ગત સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનું અમેરિકા ખાતે શિકાગોમાં ભવ્ય સ્વાગત કરાયુ હતુ. શ્રી સ્વામિનારાયણ મંદિર, શિકાગોનો ૧૫મો પાટોત્સવ પણ ભારે દબદબાપૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે ભારતમાં ટેલીકોમ ક્ષેત્રે ક્રાંતી સર્જનાર એવા ટેલીકોમ સમ્રાટ શ્રી શામ પિત્રોડાનું પણ સન્માન કરાયું હતું. આ તબક્કે જે વિદ્યાર્થીઓએ એ પ્લસ ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો તેમનું આચાર્ય સ્વામીજી મહારાજ તથા શામ પિત્રોડાના હસ્તે મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે શામ પિત્રોડાએ જણાવ્યું હતું કે શિક્ષણથી વ્યક્તિ, સમાજ અને દેશ આગળ આવી શકે છે. મારા જીવનમાં પણ શિક્ષણ જ પાયો છે, આથી મે 'ડ્રીમીંગ બીગ માય જર્ની ટુ કોન્ટેક્ટ ઈંડીયા' લખ્યુ છે, વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે છે તે ખૂબ જ મહત્વુ છે. પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે જણાવ્યું હતું કે સ્વામિનારાયણ સંપ્રદાય અને શ્રી મુક્તજીવન સ્વામીબાપા હંમેશા શિક્ષણને, જ્ઞાનેન મહત્વ આપતા આપતા આવ્યા છે. જ્ઞાન વિના મુક્તિ નથી, આ સદી જ્ઞાનની છે. અજ્ઞાની અને આંધળો બંને સરખા છે માટે જ્ઞાન ખૂબ જ મહત્વનું છે. તેમને મનુષ્યને જીવનમાં શૈક્ષણિક સહિત આધ્યાત્મિક માર્ગે ચાલવા પણ હાંકલ કરી હતી.

## રાજીનામાની ઓફર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરશે, પરંતુ હાલ તો સચિવાલયમાં કહેવાય છે કે નવા મુખ્યમંત્રી માટે હાલના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી ફ્રન્ટ રનર છે. તેમના પછી આરોગ્ય મંત્રી નિતીન પટેલનું નામ આવે છે. જો કે આ પદ માટે પાર્ટી કોઈ બહારની વ્યક્તિને પણ મુખ્યમંત્રી બનાવી શકે છે.

મહત્વની બાબત એવી છે કે આનંદીબહેન પટેલે તેમના રાજીનામાની ઈચ્છા વ્યક્ત કરતી પોસ્ટ ફેસબુક એકાઉન્ટ ઉપર કરી છે તેમ કરવા પાછળનું કારણ તેમની દિકરી અનાર પટેલનો ઈશારો હોઈ શકે છે, કારણ કે ગીર અભ્યારણ્યની જમીનના કૌભાંડનો વિવાદ થયો ત્યારે અનાર પટેલે તેનો અને કંપનીનો ખુલાસો ફેસબુકના માધ્યમથી કર્યો હતો.

રાજીનામાની પોસ્ટ બાદ ઉભા થયેલા ઘટનાક્રમમાં પાર્ટીના નેશનલ પ્રેસિડેન્ટ અમિત શાહે કહ્યું હતું કે ગુજરાતની રાજકીય પરિસ્થિતિની ચર્ચા ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં કરવામાં આવશે, જ્યારે પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ કહ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલનું રાજીનામું સ્વિકારવું કે નવા મુખ્યમંત્રી નક્કી કરતા તે અંગે પાર્ટી હાઈકમાન્ડ નિર્ણય લેશે. જો કે આ મુદ્દે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિલકુલ મૌન છે.

## ધમધમાટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે, આનંદીબેન પટેલે આ સંદર્ભમાં વધુ કોઈપણ પ્રકારનો ખુલાસો કોઈની સમક્ષ કર્યો નથી તેમને માત્ર ૭૫ વર્ષે સ્વૈચ્છિક નિવૃત્તિની ભાજપની પરંપરાને આગળ ધપાવવા આ નિર્ણય લીધો હોવાનું કહ્યું હતું.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે રાજ્યપાલ ઓપી કોહલીને મળીને ગુજરાતની સાંપ્રત રાજકીય સ્થિતિથી વાકેફ કર્યા હતા અને પોતાને મુખ્યમંત્રી પદની જવાબદારીમાંથી મુક્ત કરવા હાઈકમાન્ડને લખેલા પત્રની પણ રાજ્યપાલને જાણકારી આપી હતી. હવે આવતીકાલે આ મળનારી ભાજપની સંસદીય બોર્ડની બેઠક બાદ બુધવારે યોજાનારી ગુજરાત પ્રધાનમંડળની બેઠકમાં કેવા નવા સમીકરણો રચાય છે તેની પર સૌની નજર સ્થિર થઈ છે.

## અટકળોનો દોર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સક્રિયતા સામે આવી હતી. પાર્ટી અને સંગઠનમાં વિજય રૂપાણી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના ખાસ હોવાનું મનાય છે. અમિત શાહના કહેવાથી જ તેમને ભાજપના પ્રદેશ પ્રમુખ બનાવાયા હતા ત્યારે આનંદીબેન પટેલની સીએમની ખુરશીના પ્રબળ દાવેદાર તરીકે વિજય રુપાણી જ હોવાનું પાર્ટી અને સંગઠન માની રહી છે.

આનંદીબેન પટેલ ફેસબુક પોસ્ટ કરી રાજ્યના સીએમની જવાબદારીમાંથી મુક્ત કરવાની અપીલ કરી છે. આ સમાચાર મળતા જ વિજય રૂપાણી તરત જ આનંદીબેન પટેલને મળવા દોડી ગયા હતા. રૂપાણી સાથે જોડાયેલા સૂત્રો જણાવી રહ્યા છે કે, રૂપાણી દિલ્હીથી પણ ફોન પર આવી રહ્યા છે.

## ફેસબુક પોસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવા માટે વિનંતી કરી હતી. હું આજે ફરીથી આ પત્ર દ્વારા પક્ષના વરિષ્ઠ નેતૃત્વને મને મુખ્યમંત્રી પદની જવાબદારીમાંથી મુક્ત કરવા નમ્ર વિનંતી કરું છું.

ગુજરાતની ગૌરવશાળી પ્રજાની સેવા કરવાની મને તક મળી અને છેવાડાના માનવી સુધી સેવાઓનો લાભ પહોંચાડવા માટે મેં શક્ય તમામ પ્રયત્નો કર્યા છે. રાજ્યરુપી પરિવારનું નેતૃત્વ કરતા મને જે અપાર પ્રેમ, સ્નેહ અને કામ કરતા રહેવાની સતત પ્રેરણા મળી છે તે માટે હું મારી હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરી વંદન કરૂં છું.

## અભિયાનનો પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજાયેલ શુભેચ્છા કાર્યક્રમમાં કાર્યાલય સંકુલ ખાતે વૃક્ષારોપણ યોજવામાં આવ્યું હતું. નિવૃત્ત થઈ રહેલા જી.કે. પ્રધનાણીને શ્રીફળ, સાકર, શાલ અને સ્મૃતિ ચિહ્ન આપી સન્માનવામાં આવ્યા હતા. નિવૃત્તિ શુભેચ્છા સમારંભ પ્રસંગે પર્યાવરણના જતનની જવાબદારીને ગંભીરતાથી લઈ વૃક્ષારોપણને ઉજવણીનો ભાગ બનાવવાની ઘટના ખરેખર પ્રેરણાદાયક છે.

● **બીએપીએસ સ્વામિનારાયણ સ્કૂલ, રાયસણ**

રાયસણ ખાતે બીએપીએસ સ્વામિનારાયણ સ્કૂલમાં આજે "વૃક્ષારોપણ દિવસ" ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, મેયર પ્રવિણભાઈ પટેલ, સંસ્થાના સંચાલક બ્રહ્મવિહારી સ્વામી, લંડનની બીએપીએસ સ્કૂલના આચાર્ય ઉમેશ રાજા તથા તેમના શિક્ષકો જસ્ટીનસર, કેથેરિન મેન અને જસ મેમ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બાળકોને વૃક્ષોની ઉપયોગિતા, લાભાલાભ અંગે માહિતગાર કરાયા હતા. આ કાર્યક્રમમાં શાળાના પ્રાંગણમાં ૩૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ સાથે દરેક છોડવાને નામ પણ આપવામાં આવ્યા હતા.

## જન્મદિન ઉજવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમસ્યાઓમાંથી મુક્ત કરવા માટે યોગ્ય પગલા લેવાય તેવી લાગણી અને માંગણી પણ મહામંડળના પ્રમુખ અરૂણ બુચે વ્યકત કરી છે. આજે જી ઈ બી ખાતે સવારે ૯ કલાકે નગરની જ્યા પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી તે સ્થળે તકિત પુજન કરી કેક કાપીને શહેરના ૫૨મા જન્મદિવસની ઉજવણી કરાશે. આ પ્રસંગે પ્રભારી સચિવ સંજીવકુમાર ,મેયર પ્રવિણ પટેલ,ધારાસભ્ય અશોક પટેલ,શંભુજી ઠકોર,જિલ્લા કલેકટર સતીષ પટેલ ઉપસ્થિત રહેશે જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનના અધિકારીઓ તેમજ મહામંડળના પદાધિકારીઓ પણ હાજરી આપશે.

## ક્ષણના ચણીબોર

● ૪ પાનાનું ચાલુ...

હશે તેનો કોઈ ઉત્તર મળી શકતો નથી. લોકગીતોના ઉદ્દગમનો સ્ત્રોત 'જ્ઞાત છતાં અજ્ઞાત' તેવું શ્રી જયમલ્લ પરમારે નોંધેલું છે. મેઘાણીભાઈએ એક પીઢ સંશોધક તરીકે લખેલા શબ્દો ફરી ફરી સાંભળવા ગમે તેવા છે :

"જગતના ઉત્તમ ગણાતા કાવ્યની આછી ઘેરી રેખાઓ ધારણ કરતી આ કંઠસ્થ કૃતિઓ ઉપર કયા અથવા તો એકસામટા કેટલા સર્જકોનો હાથ ફર્યો હશે તેની ગમ આપણને પડતી નથી."

મેઘો ચડિયો રે કાળી
કાંઠીનો મેઘ, આજનો
ચઢાઉ મેઘ વરસિયો.
પહેલો વરસ્યો મારા
દાદાને દેશ, પછી
વરસ્યો બધાયે દેશમાં.

કાળી કાંઠીનો મેઘ વરસ્યો છે તેનો અપૂર્વ આનંદ દૂર સુદૂર બેઠેલી દીકરીને થાય છે. પરંતુ મેઘ પહેલા તો મારા દાદાના દેશમાં વરસ્યો છે તેમ કહીને ક્યારના છૂટી ગયેલા પિતૃગ્રહ સાથેનું દીકરીનું સ્નેહ જોડાણ મેઘના આવા મીઠા આગમન સાથે જોડાય છે. નારી જીવનના ભાવો આપણાં લોકગીતોમાં એક અનોખી ઉત્કટતાથી ઝીલાયા છે. વરસાદમાં પ્રિયજનની વિદાય અનેક કોડ જેના મનમાં છે તેવી માનુનીને ખટકે છે. આ સમય ચાકરી (નોકરી)એ જવાનો નથી તેની સ્મૃતિ તાજી કરાવે છે.

આભમાં ઝીણી ઝબૂકે
વીજળી રે, ઝીણા ઝરમર
વરસે મેહ, ગુલાબી
નહિ જાવા દઉં ચાકરી રે.

પરમેશ્વર તથા પ્રકૃતિની એકસૂત્રતા કે અભિન્નતા નરસિંહે નીહાળી છે. આવા દર્શન પછી નરસિંહના ગજાના કવિને જે ઊર્મિ ઉછાળ થયો તેનો પ્રસાદ આપણી ભાષાના અસંખ્ય લોકોએ મનભરીને આરોગ્યો છે. નરસિંહનું મેઘ અને માધવનું આ ભાતીગળ દર્શન અમર રહેવા સર્જાયું છે.

મેહુલો ગાજે ને માધવ
નાચે, રુમઝુમ વાગે પાયે
ઘૂઘરડી રે, તાલ પખાલ
વજાડે રે ગોપી, વહાલો
વજાડે વેણુ વાંસલડી રે.
ધન બંસીવટ ધન જમનાતટ
ધન ધન આ અવતાર રે
ધન નરસૈયાની જીભલડી ને
જેણે ગાયો રાગ મલ્હાર રે.

નરસિંહને મેઘ તથા માધવના દર્શનની ધન્યતાનો અનુભવ થયો. વર્ષાઋતુના દર્શનથી ધન્ય થવાનો આ સમય છે. શરત માત્ર કુદરતની આ ભવ્યતા નીરખવા સજ્જતા કેળવવાની છે. આવી સજ્જતા – દ્રષ્ટિ કેળવવાનો યથાશક્તિ પ્રયાસ સૌએ કરવા જેવો છે. આ સર્વસુલભ સૌંદર્ય આપણી સામુહિક સંપદા છે.